ધ્વનિનું કરીયર 'કહાં શુરૂ કહાં ખતમ'

સ્ક્રિનિંગ

ધ્વનિ ભાનુશાલી આમ તો ગાયિકા તરીકે જાણીતી છે પણ તેને એટલી ઓળખ મંજૂર નથી કારણ કે તે અભિનેત્રી પણ છે. તે હવે જીદે ચડી છે કે અભિનેત્રી તરીકે પણ ઓળખ મેળવી જોઈએ. પણ કોઈ તેને અભિનેત્રી તરીકે ઓળખ આપવા ફિલ્મનું રોકાણ ન કરી શકે. તો કરવું શું? તેણે તેના પિતાને નિર્માતા બનાવી આખરે ફિલ્મ બનાવી છે. તેના પિતા આમ તો નિર્માતા છે જ અને સિર્ફ એક બંદા કાફી હૈ અને જનહિત મેં જારી, ભૈયાજી, લવ કી એરેજ મેરેજ ફિલ્મ બનાવી જ છે. તેઓ કબીરસિંહ, બાટલા હાઉસ, સાહો, થપ્પડ, સહિતની ફિલ્મોનાં સહનિર્માતા પણ રહ્યા છે. આ વખતે તેમણે દિકરીને હીરોઇન બનાવી 'કહા શુરુ કહા ખતમ' ફિલ્મ બનાવી છે. વિનોદ ભાનુશાલી નિર્માતા હોય ત્યારે બહુ જાણીતા સ્ટાર્સ નથી લેતા એટલે આ ફિલ્મમાં પણ ધ્વનિ સાથે આશિમ ગુલાટી છે. હા તમે આ ફિલ્મનાં સંગીતકારોમાં સચિન દેવ બર્મન, શંકર જયકિશન, સચિન જિગર, સની એમ.આર. અક્ષય એન્ડ આઈપી ઉપરાંત સંદિપ શિરોડકરનુ નામ વાંચશો. ધ્વનિ ગાયિકા છે એટલે આ ફિલ્મનો સંગીત પક્ષ સારો રહે તેનુ ધ્યાન રખાયે છે અને સચિન દેવ બર્મન, શંકર જયકિશનની ધૂનનો ઉપયોગ કરાયો છે. ધ્વનિ આમ તો અભિનેત્રી તરીકે પહેલી ફિલ્મ કરી રહી છે પણ તેને તેની ઓળખ ગાયિકા-અભિનેત્રી તરીકે કરાવવી છે. ધ્વનિ ભારતની પોપ ગાયિકા છે. યુ-ટ્યૂબ પર તેણે 1.5 બિલિયન વ્યૂઝ મેળવી લીધા છે અને યુ-ટ્યૂબ પર નાની ઉમરે આટલી વ્યૂઝ પાર કરનારી તે એકમાગ છે. પછી તે ફિલ્મો માટે પણ ગાવા માંડી અને બદ્રીનાથ કી દુલ્હનીયાંમાં હમસફર ગાઈ કારકિર્દીની શરૂઆત કરી. તે વેલકમ ન્યૂયોર્ક, વીરે દી વેડિંગ, સત્યમેવ જયતે, લુકાછુપ્પી, બાટલા હાઉસ, કબીરસિંહથી માંડી સર્કસ, અંગ્રેજી મિડીયમ અને જનહિત મેં જારીમાં ગાય ચુકી છે. બહુ બધા મ્યુઝિક વીડિયોમાં ગાયું છે. ધ્વનિ ટેલેન્ટેડ ગાયિકા છે અને તેના પિતાજી નિર્માતા છે એટલે તે હવે જૂદી સફર તરફ આગળ વધી રહી છે. કહાં શુરુ કહાં ખતમ એક લવસ્ટોરી પ્રકારની ફિલ્મ છે પણ તેમાં લગ્નની કહાણી અને રંગન પણ ભળેલી છે.

> ધ્વનિ ટેલેન્ટેડ ગાયિકા છે અને તેના પિતાજી નિર્માતા છે એટલે તે હવે જૂદી સફર તરફ આગળ વધી રહી છે. કહાં શુરુ કહાં ખતમ એક લવસ્ટોરી પ્રકારની ફિલ્મ છે પણ તેમાં લગ્નની કહાણી અને રંગન પણ ભળેલી છે

ધ્વનિની અભિનત્રી તરીકે ઓળખ નથી એટલે શરૂમાં થોડી મુશ્કેલી તો પડશે પણ પિતા અને પુત્રીએ બહુ મહેનત કરી છે અને એ મહેનત તો દેખાશે જ. આશિમ ગુલાટી જી કરદા અને મર્ડર મુબારક ફિલ્મોમાં આવી ચુક્યો છે. ધ્વનિને ખાત્રી છે કે આ ફિલ્મ એક અસર મુકશે. જો ધ્વનિ સફળ રહી તો એક કચ્છી-ગુજરાતી અભિનેત્રીનો ઉત્સવ ઉજવાશે. ધ્વનિ ગાયિકા તરીકે સફળ રહી છે હવે અભિનેત્રી તરીકે શું એચિવ કરે તેની રાહ જોવાય રહી છે. ●

રાઘવ બનશે બોલીવુડનો નવો 'જાણ'

ફર્સ્ટ ટેક

ટીવી પર આવતા વિવિધ ટેલેન્ટ રિયાલિટી શોમાં એન્ટરટેઇન્મેન્ટ સિવાય ટેલેન્ટને પણ ચાન્સ મળે તેવું ઓછી વાર બનતું હોય છે. હાલમાં ટીવીમાં એન્કર અને થિયેટરમાં એક્ટર બની એન્ટરટેઇન્મેન્ટ અને ટેલેન્ટ બંને એક સાથે દેખાડી રહેલા રાઘવ જુયાલની ચર્ચા બોલીવુડમાં થઇ રહી છે. ડાન્સ ઇન્ડિયા ડાન્સ નામના રિયલ્ટી શોમાં વાઈલ્ડકાર્ડથી એન્ટ્રી લઇ ફેમસ થયેલો રાઘવ હવે બોલીવુડમાં વાઈલ્ડ કાર્ડ એન્ટ્રી લઇ ચુક્યો છે. હવે તે યુધ્રા ફિલ્મમાં સિદ્ધાંત ચતુર્વેદી સામે વિલન તરીકે દેખાવાનો છે. આ પહેલા તેને 'કિલ' નામની એક્શનથી ભરપૂર ફિલ્મના વિલન તરીકે જોઈ ચુક્યા હશો. અને આ બંને ફિલ્મની વચ્ચે એક વેબસિરીઝ 'ગ્યારહ ગ્યારહ' રિલીઝ થઇ ચુકી છે. જેમાં વિલનથી અલગ એક પોલીસની ભૂમિકામાં જોવા મળ્યો છે. તેના આ ફિલ્મી સફરની શરૂઆત 2014માં રિયા ચક્રવર્તી સાથે આવેલી ફિલ્મ 'સોનાલી કેબલ'થી થઇ, એ ફિલ્મ કે રાઘવના કંઈ ખાસ વખાણ થયા નહી. અને તે ફરીથી એન્કરીંગ કરવા લાગ્યો, તેને અલગ આગળ ડાન્સ શો; ડાન્સ પ્લસની 6 સિઝન, રાઈઝીંગ સ્ટાર, ડાન્સ દીવાને, ખતરા ખતરા, ફીઅર ફેક્ટર- ખતરોં કે ખિલાડીમાં પાર્ટ લીધો. ઓફર તો તેને બિગબોસની પણ મળી હતી, પણ રાઘવ સમજદાર છે તેણે બિગબોસ હાઉસમાં જવાને બદલે એક્ટિંગ વર્કશોપમાં જવાનું નક્કી કયું અને ફરીથી એક્ટિંગમાં કોન્ફિડન્સ આવ્યો, બિગબોસની વાત નીકળી જ છે તો તેની ચર્ચિત કન્ટેસ્ટન્ટ શેહનાઝ ગિલ સાથે તેનું નામ જોડાયું હતું. હવે આ અફેર હતું કે અફવા એ તો બ્રેકઅપ બાદ જ ખબર પડતી હોય છે, અત્યારે રાઘવના નસીબ અને ટેલેન્ટ બંને પૂરતા છે એટલે જ તેને નવી ફિલ્મો મળતી રહી છે. ટીવી પર હસાવતો, દેખાવડો અને ડાન્સર તરીકે જાણીતા રાઘવને વિલન તરીકે કાસ્ટ કરે એવું તેણે પણ નહિ જ વિચાર્યું હશે. પણ જ્યારે ચાન્સ મળ્યો તેણે પોતાને યોગ્ય સાબિત કર્યો છે. કિલની પ્રોડ્યૂસર ગુનિત મોંગા જણાવે છે કે, રાઘવ સાથે 100 જેટલા એક્ટર્સનું ઑડિશન લેવામાં આવ્યું હતું પણ રાઘવ એ બધાથી અલગ હતો. કિલ જોતા ખબર પડે છે. ફિલ્મમાં વિલનની ભૂમિકા જોનારાઓને એટલી આકર્ષિત કરવા લાગી કે હવે રાઘવ આવા વિલનના પાત્રમાં ફરી જોવા મળશે તેવી સંભાવનાઓ છે. યુધ્રા પણ તે વિલનના રોલમાં જ છે! મારામારી સાથે આ વખતે તે ડાન્સ કરતો પણ જોવા મળશે. યુધ્રા પછી તે હજી એક ફિલ્મ હસલ આવશે જેમાં સંજય મિશ્રા અને રણવીર શોરી સાથે દેખાશે. ઘણા ઓછા લોકો હોય છે જેમને આ રીતે ડિરેક્ટર્સ અને ઓડિયન્સ બંને તરફથી સરખો પ્રેમ મળે, તેની પાસે ખુબ સરસ મોકો છે વિક્રાંત મેસ્સી, આયુષ્માન, જીતેન્દ્ર કુમાર, સુશાંતસિંહ જેવા એક્ટર્સની લિસ્ટમાં સામેલ થવાનો. તે વિલનની ભૂમિકામાં ના બંધાઈ અને ડાન્સ કરતો અલગ અલગ કેરેકટર્સમાં જોવા મળે તો મજા, એમેય વાઈલ્ડ કાર્ડ એન્ટ્રી તેને ઘણી સફળતા અપાવી છે. હવે બોલીવુડમાં આ વાઈલ્ડ કાર્ડ એન્ટ્રીથી ક્યાં પહોંચે તે જોવું રહ્યું. ●

'ખાન'નું જનરેશન નેક્સ્ટ

ઈબ્રાહીમની દિલેર એન્ટ્રી

અપકમિંગ સ્ટાર

જ્યારે સ્ટાર્સના સંતાનો ફિલ્મમાં કામ કરવું શરૂ કરે તો એક પ્રકારની ઉત્તેજના વ્યાપી જવી સ્વભાવિક છે પણ આજનાં સ્ટાર્સકિડ્સ એવી ઉત્તેજના અને ઉહાપોહમાં નથી માનતા. આમ કરવાનાં કારણોમાં મુખ્ય એ છે કે જો તમે પ્રેક્ષકોમાં ખૂબ અપેક્ષા જગાડો અને ફિલ્મ નબળી પૂરવાર થાય તો ઘણા પાછળ ધકેલાઈ જવું પડે છે. શાહરૂખ ખાનની દિકરી સુહાના ખાનની ફિલ્મ આવી ગઈ પણ કોઈને ખબર ન પડી, સંગીતકાર રાજેશ રોશનની દિકરી પશ્મિના રોશન આવી તેણે ય ચર્ચા જણાવી નહોતી. અમિતાભ બચ્ચનની દિકરી શ્વેતાનો દિકરો અગત્સ્ય નંદા આવ્યો તો તેણે ય પોતાના આવવાનાં ઢોલ પિટ્યા નહોતા બસ, એવું જ કરી રહ્યો છે. અમૃતા સિંઘ અને સૈફઅલી ખાનનો દિકરો ઈબ્રાહીમ અલીખાન, ઈબ્રાહીમ માટે સૈફ અલીખાને કોઈ ફિલ્મનું નિર્માણ પણ નથી કર્યું ઈબ્રાહીમ પોતાની રીતે ફિલ્મો મેળવી રહ્યો છે. બાકી ઈબ્રાહીમને તો તેની મમ્મી અમૃતાસિંઘ, દાદી શર્મિલા ટાગોર, બહેન સારા અલીખાન અને ફોઈ સોહા અલીખાન અને ફુવાજી કૃણાલ ખેમુ કે જે હવે દિગ્દર્શક પણ બની ચુકયા છે તે મદદ કરી શકે. ઈબ્રાહીમે કરણ જોહરની પણ મદદ નથી લીધી કે જે અનેક સ્ટાર્સ લોન્ચ કર્યાના દાવા કર્યે રાખે છે. ઈબ્રાહીમનો ચહેરો તેના પિતા સૈફ અલી ખાનને મળતો આવે છે. સૈફે પોતે ઘણા સંઘર્ષ પછી પોતાનું સ્થાન બનાવ્યું હતું. ઈબ્રાહીમ પણ પોતાની રીતે આગળ વધી રહ્યો છે. ગયા વર્ષે આવેલી 'રોકી ઔર રાની કી પ્રેમ કહાની'માં તે સેકંડ યુનિટ આસિસ્ટન્ટ ડાયરેકટર હતો ત્યારે ઘણાને થતું હતું કે શાહરૂખ ખાનના દિકરા આર્યન ખાનની જેમ તે દિગ્દર્શક તરીકે આગળ વધશે. (આર્યન અત્યારે સ્ટારડમ'નામની ટીવી સિરીઝ બનાવી રહ્યો છે પણ અત્યારે ઈબ્રાહીમ ત્રણ ફિલ્મોમાં અભિનેતા તરીકે આગળ વધી રહ્યો છે. આ ત્રણમાંથી ફકત એક જ ફિલ્મમાં તે હીરો હોય એવું લાગી રહ્યું છે. બોમન ઈરાનીનો દિકરો કેયોઝ ઈરાની દિગ્દર્શક તરીકે 'સરજમીન'થી શરૂઆત કરી રહ્યો છે. તેમાં પૃથ્વીરાજ સુકુમારન, કાજોલ સાથે ઈબ્રાહીમ છે. બીજી એક ફિલ્મ 'દિલેર'માં તે આવી રહ્યો છે પણ તેમાં તેના સહકલાકારો કોણ છે તે હજુ નક્કી નથી થયું. ત્રીજી ફિલ્મ છે શૌના ગૌતમ દિગ્દર્શીત 'નાદાનીયાં' કે જમાં સુનીલ શેટ્ટી, દિયા મિર્ઝા સાથે ઈબ્રાહીમ છે અને તેમાં ખુશી કપૂર સાથે તેની જોડી બની છે. ઈબ્રાહીમે અગાઉ 'ટશન' ફિલ્મમાં યુવાન બચ્ચન પાંડેની ભૂમિકા કરી હતી. ઈબ્રાહીમ પોતાની રીતે આગળ વધવામાં માને છે. તે અભિનયની ટિપ્સ સૈફ યા અમૃતા પાસે લે છે કે નહીં તે ખબર નથી પણ હા, તે નિયમિત રીતે જીમમાં જાય છે. ઈબ્રાહીમ અત્યારે 23 વર્ષનો છે પણ તેના રોમાન્સના સમાચાર પણ આવતા નથી. લાગે છે તે તેના કામ બાબતે ગંભીર છે. વચ્ચે પલક તિવારી સાથે રોમાન્સની અફવા ઉડેલી પણ તે અફવા જ હતી. હવે ફિલ્મોમાં તે કેવો પૂરવાર થાય તે જોવાનું રહેશે. ●

> ઇબ્રાહીમનો ચહેરો તેના પિતા સૈફ અલી ખાનને મળતો આવે છે. સૈફે પોતે ઘણા સંઘર્ષ પછી પોતાનું સ્થાન બનાવ્યું હતું. ઇબ્રાહીમ પણ પોતાની રીતે આગળ વધી રહ્યો છે.

દરેક મા બાપે પોતાના બાળકોને બતાવવા જેવી ફિલ્મ "ચિટ્ટી ચિટ્ટી બેંગ બેંગ"

મુવીયાના
ધનંજય રાવલ

બાળકોના સર્વાંગી વિકાસ અને ઉત્તમ જીવન ઘડતર માટે માતા પિતા ઘણું બધું કરતા હોય છે. સમયાંતરે પ્રવાસમાં જવું, જન્મદિવસ હોય ત્યારે હોટલમાં જમવા જવું, ક્રિકેટ, કરાટે, વિજ્ઞાન, ગણિત જેવા જુદા જુદા કોર્સ કરાવવા અને અને જોવાલાયક ચલચિત્રો જોવા લઈ જતા હશો. તમે તમારા બાળકોને આવી ઘણી બધી ફિલ્મો બતાવી હશે. 3 idiots ,મુન્નાભાઈ એમ.બી.બી.એસ., તારે જમીન પર. આવી અનેક હિન્દી ફિલ્મો પોતાની અલગ છાપ છોડી ગઈ છે. હવે તો મનોરંજનના મહાસાગરમાં થિયેટરો ક્યાંય પાછળ રહી ગયા છે. તેથી સિલ્વર સ્ક્રીનની મજા શું હોય એ આપણને ખબર નથી. ક્લાસિક ફિલ્મો પેટાળમાં ક્યાંય દબાઈ ગઈ છે. અત્યારે તો વી.એફ.એક્સ.ની મદદ લઈને ફિલ્મો બનાવવામાં આવે છે. જેના દ્રશ્યો જોઈને જ બાળકો પણ કહી દે છે કે આ ઓરીજનલ દ્રશ્યો નથી કમ્પ્યુટર દ્વારા તૈયાર કરેલા દ્રશ્યો છે. પરંતુ વાસ્તવિક રીતે દ્રશ્યો કંડારીને બનાવેલી ફિલ્મો જોવાની મજા જ કોઈ અલગ છે. અમારામાં જીવન મૂલ્યો, કલ્પનાની પાંખો, સાહસ, ઉચ્ચ વિચાર શક્તિ, સંગીત, કુટુંબ ભાવના ના ગુણ રોપવામાં ઘણી બધી ફિલ્મોનો પણ હાથ છે. તેમાંની એક ફિલ્મ છે - "ચિટ્ટી ચિટ્ટી બેંગ બેંગ".

આ ફિલ્મ અદભુત કાલ્પનિક વાર્તા,સાહસ,સંગીત અને પ્રેમના ઘટકોનું અનન્ય કોમ્બિનેશનને કારણે તે ક્લાસિક ફિલ્મ માં પ્રથમ નંબરે આવે છે. ફિલ્મની સૌથી મોટી વિશેષતા એ જાદુઈ કાર છે. તેનું નામ છે 'ચિટ્ટી ચિટ્ટી બેંગ બેંગ'. જે ઉડી શકે છે, તરી શકે છે અને અકલ્પનીય પરાક્રમો કરી શકે છે. કલ્પના ને ફિલ્મમાં એટલી અદભુત રીતે કંડારેલી છે કે તે દરેક ઉમરના વ્યક્તિઓને આકર્ષે છે. આ ફિલ્મની સાહસ કથા મારા જેવા વૈજ્ઞાનિક અને ઈનોવેટર એવા પિતા પુત્રની છે. તેઓનું ઘર, ઘર નથી પણ એક સાયન્સ મ્યુઝિયમ છે. ઘરના રોજબરોજના કામ કરવા માટે જાતજાતના યંત્રો બનાવેલા છે. વીજળી ઉત્પન્ન કરવા માટે પવનચક્કી પણ બનાવેલી છે. આખો દિવસ જાતજાતની વસ્તુઓ બનાવવામાં જ પસાર કરતા હોય છે. આ બધી વસ્તુઓના ડેમોસ્ટ્રેશન ખુબ સરસ રીતે બતાવેલા છે. બ્રેકફાસ્ટ બનાવવાની સિસ્ટમ તો અદભુત છે. તે વાનગી બનાવવા માટે જરૂરી વસ્તુઓ પોતાની જાતે પસંદ કરી લે. તવા ઉપર ઓટોમેટીક આવી જાય. વાનગી તૈયાર થાય એટલે ડીશમાં ગોઠવાઈ જાય. તૈયાર થયેલી ડીશ ડાઈનિંગ ટેબલ પર દરેક વ્યક્તિઓ પાસે ઓટોમેટીક પહોંચી જાય. આ બધા દ્રશ્યો જોવાની ખૂબ જ મજા આવે. ખૂબ જ ઝડપ પ્રાપ્ત કરવા કે ઊંચો કૂદકો મારવા માટે સ્કેટિંગ શુઝ પહેરીને, રેલ્વે ટ્રેક બનાવીને, પીઠ પાછળ રોકેટ બાંધીને ફાયર કરતા હોય છે. પીઠ પાછળ રાખેલું રોકેટ ફાયર થાય ત્યારે યોગ્ય ડિઝાઈન નહીં હોવાને કારણે ઢેકળી દાઝી જવાના હાસ્યસ્પદ પ્રસંગો પણ બનતા હોય છે. આમ કરતા કરતા તેઓ એક 'મેજીક કાર'બનાવે છે. આ કાર ચાલી શકે છે, ઉડી શકે છે, તરી શકે છે. તેની ખ્યાતિ દેશ વિદેશમાં થાય છે. તેને પ્રાપ્ત કરવા માટે દુશ્મન દેશો જાતજાતના પ્રયત્નો કરે છે. બસ આનાથી વધારે કહીશ તો પછી તમે ફિલ્મ નહીં જુઓ. તેનો અંત એટલો અદ્ભુત છે કે ન પૂછો વાત.

આ કાલ્પનિક કથા બાળ વાર્તાના પ્રખ્યાત લેખક ઈયાન ફ્લેમિંગના પુસ્તક ઉપર આધારિત છે. આ ફિલ્મના ભવ્ય સેટ્સ, સંગીત, કોરિયોગ્રાફી તેમજ ફિલ્મના અંત સુધી જકડી રાખે તેવી સ્ટોરી ટેલિંગને કારણે મારી ટોપ 10 ફિલ્મમાંની એક છે. દરેક નાના મોટા વ્યક્તિઓએ આ ફિલ્મ જોવી જ જોઈએ. બાળકોમાં કુટુંબ અને મૈત્રી ભાવના માટે તેની ખૂબ જ પ્રશંસા કરવામાં આવી હતી. અત્યારે મા બાપ પાસે સમય નથી. એટલે આ ફિલ્મ બાળકોને જોઈ લેવાનું સૂચના આપવાથી કામ પૂરું નહીં થાય. તમે પહેલા આ ફિલ્મ જુઓ. ત્યારબાદ તમારા બાળકોને તે ફિલ્મ જુવાની ઉત્સુકતા જગાડો. આ ફિલ્મ શક્ય એટલા મોટા સ્ક્રીન પર જુઓ. જોતા પહેલા એની સંપૂર્ણ પૂર્વભૂમિકા અમારી સામે રજૂ કરો. પિક્ચર જોતી વખતે શું શું જોવાનું તેની પણ સૂચના આપો. એટલું જ નહીં એ ફિલ્મ જોયા પછી કુટુંબીજનોમાં તેની ચર્ચા કરો. એવું લાગે કે જે વસ્તુ ધ્યાનથી જોવાની હતી તે જોઈ નથી તો એ ફિલ્મ ફરીથી દેખાડો. અચાનક આ ફિલ્મની વાત કરવાનું કારણ છે. હમણાં જ અમે મ્યુનિક શહેરના રોકાણ દરમિયાન અમે ત્યાંથી 50 કિલોમીટર દૂર ન્યુશવાન્સ્ટીન કેસલ જોવા ગયા. ચિટ્ટી ચીટ્ટી બેંગ બેંગમાં આ કિલ્લાનું શૂટિંગ કરવામાં આવેલું છે. આ જગ્યા ખૂબ જ રમણીય છે. વોલ્ટ ડિઝનીના સિમ્બોલમાં જે કિલ્લો બતાવેલો છે તે આ જ છે. 'હેરી પોર્ટર' ફિલ્મનું શૂટિંગ પણ આ કિલ્લામાં થયું છે. જર્મનીના ઉત્તમ 10 કિલ્લામાં તેની ગણના થાય છે. મ્યુનિકથી એ જગ્યાએ જવાનો રસ્તો પણ દુનિયાના રોમેન્ટિક રોડ માનો એક છે. આ બધા રસ્તાઓ પર સ્ટીવ મેકવીનની 'ગ્રેટ એસ્કેપ' જેવી ફીલ્મો ના શૂટિંગ થયા છે. એ ફિલ્મના મોટરસાયકલ ના સ્ટંટ તમને યાદ હશે. તેના ઉપરથી જ પ્રોત્સાહિત થઈને મનોજકુમારની 'રોટી, કપડા ઓર મકાન'માં અમિતાભ બચ્ચને મોટરસાયકલના સ્ટંટ કર્યા હતા. આવી યાદગાર ફિલ્મોમાં જે કિલ્લો બતાવેલો હોય તે આપણી નજર સમક્ષ હોય ત્યારે કેવો રોમાન્ચ અનુભવાય. 1968ની ફિલ્મ ચિટ્ટી ચિટ્ટી બેંગ બેંગમાં આવેલો કિલ્લો એ જર્મનીના બાવેરિયામાં આવેલ ન્યુશવાન્સ્ટીન કેસલ છે. મૂવીમાં, પરિવાર તેમની જાદુઈ કારમાં કિલ્લા પર ઉડે છે. ન્યુશવાન્સ્ટીન કેસલ એ 19મી સદીનો કિલ્લો છે. જે રાજા લુડવિગ II દ્વારા 1869 અને 1886 ની વચ્ચે બાંધવામાં આવ્યો હતો. તે બાવેરિયન આલ્પ્સમાં પોલાટ ગોર્જની ઉપર એક ખડક પર આવેલો છે. કિલ્લો રોમેન્ટિક યુગનું પ્રતીક છે. લુડવિગ II (1955), લુડવિગ (1972), સ્પેસબોલ્સ અને ધ ગ્રેટ એસ્કેપ (1963) સહિત અન્ય ફિલ્મોમાં દર્શાવવામાં આવ્યો છે. તે પોકેમોન ફિલ્મ લુકારિયોમાં ડિઝનીલેન્ડના સ્લીપિંગ બ્યુટી કેસલ અને કેમેરાન પેલેસ તરીકે દર્શાવેલો છે. Neuschwanstein કેસલ પ્રવાસીઓ માટે ખુલ્લો છે અને દર વર્ષે 14 લાખ થી વધુ મુલાકાતીઓ જોવા આવે છે, જે તેને જર્મનીના ત્રણ સૌથી લોકપ્રિય પ્રવાસી આકર્ષણોમાંનું એક છે. આ ફિલ્મ બાળકોને કલ્પના અને સર્જનાત્મકતાનો સમૃદ્ધ ડોઝ પૂરો પાડે છે. ફિલ્મની આકર્ષક સ્ટોરી લાઈન, રોમાંચક સાહસો અને પરાક્રમી બાળકોને જકડી રાખે છે. ફિલ્મના આકર્ષક રંગો અને કલ્પના ન કર્યા હોય એવા મનમોહક સેટિંગ જોવાની મજા આવે છે. આકર્ષક અને યાદગાર ગીતો ભૂલી શકાય તેમ નથી. બાળકોને મોટા સપના જોવા અને રોજિંદા જીવનમાં વિજ્ઞાન જોવા માટે પ્રોત્સાહિત કરે છે. આ ફિલ્મ જોવાની બીજી પણ મજા છે. આ ફિલ્મમાં જે હાસ્યની છોડો ઉડે એવી ઘટના ના પ્રસંગોની કોપી હિન્દી ફિલ્મમો માં કરવામાં આવી છે. આવું એ ફિલ્મમાં ઘણું બધું છે. રાજ કપૂર નરગીસ અભિનીત ફિલ્મ 'ચોરી ચોરી' 1956માં બની હતી. તેમાં કઠપૂતળીના પાત્ર તરીકે ગીત તૈયાર કર્યું હતું. જહાં મેં જાતે હું વહી ચલે આતે હો. ત્યારબાદ ચિટ્ટી ચિટ્ટી બેંગ બેંગ 1968માં રિલીઝ થઈ. એમાં પણ આવું જ એક ગીત જોઈને એવું લાગ્યું કે તે 'ચોરી ચોરી' માંથી ચોરાયું હશે. 'ચિટ્ટી ચિટ્ટી બેંગ બેંગ' નું એક ગીતનું પિક્ચરરાઈઝેશન અદ્ભુત છે.

> આ ફિલ્મ અદભુત કાલ્પનિક વાર્તા, સાહસ, સંગીત અને પ્રેમના ઘટકોનું અનન્ય કોમ્બિનેશનને કારણે તે ક્લાસિક ફિલ્મ માં પ્રથમ નંબરે આવે છે. ફિલ્મની સૌથી મોટી વિશેષતા એ જાદુઈ કાર છે

ઈન્ફોર્મેશન અને ટેકનોલોજીના જમાનામાં આવી ક્લાસિક ફિલ્મો ભુલાઈ ગઈ છે. બાળકોમાં જીવન મૂલ્યો ખીલવવા માટે આ ફિલ્મ બતાવવી અત્યંત જરૂરી છે. મા બાપ તરીકે, શિક્ષક તરીકે અને સ્કૂલના સંચાલક તરીકે આ ફિલ્મ બાળકોને બતાવશો તો ભવિષ્યમાં તેની પ્રતિભા ખીલી ઉઠશે તેની ગેરંટી. આવી ઉપર ઉત્તમ ફિલ્મો બતાવા બદલ આપના જિંદગીભર ઋણી રહેશે. ●